# 21. ચાંદલિયો

## સ્વાધ્યાય

1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(✓)ની નિશાની કરો :

1) કાવ્યનાયિકાએ દિયર અને દેરાણી માટે ચંપાનો છોડ અને ચંપાની પાંદડીનાં રૂપક વાપર્યાં છે. આ રૂપકો...

(1) દિયર-દેરાણી માટે કાવ્યનાયિકાનો પ્રેમ દર્શાવે છે.

(2) દિયર-દેરાણી ની પ્રશંસા દર્શાવે છે.

(3) દિયર-દેરાણી માટે કાવ્યનાયિકાની ઇર્ષા બતાવે છે.

2) સગી નણંદના વીરા સાથે કાવ્યનાયિકાનો કયો સંબંધ છે?

(1) નણદોઈ

(2) સસરા

(3) જેઠાણી

(4) પતિ

3) 'ચાંદલિયો' લોકગીતમાં ચાંપલિયાની પાંદડી કોને કહી છે?

(1) સખી

(2) સાસુ

(3) જેઠાણી

(4) નણંદ

2. નીચે આપેલ પ્રશ્નનો એક-બે વાક્યમાં ઉત્તર આપો:

1) નણદોઈ વિશે 'ચાંદલિયો' લોકગીતમાં શું કહેવાયું છે?

- નણદોઈ વિશે 'ચાંદલિયો' લોકગીતમાં વાડીનો મોરલો કહેવાયું છે.

## 2) સાસુ અને સસરા માટે કાવ્યનાયિકા પોતાનો પ્રેમભાવ કેવી રીતે વ્યક્ત કરે છે?

- સાસુ અને સસરાને પોતાનાં પૂર્વજન્મનાં માતાપિતા કહીને કાવ્યનાયિકા તેઓ માટે પોતાનો પ્રેમભાવ વ્યક્ત કરે છે.

## 3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો:

### 1) 'ચાંદલિયો' લોકગીતને આધારે રાત્રિનું વર્ણન કરો.

- 'ચાંદલિયો' લોકગીતમાં કાવ્યનાયિકા શરદપૂનમની રાત્રિનું વર્ણન કરે છે. સોળે કળાએ ખીલેલો ચંદ્ર કાવ્યનાયિકાના ચોકમાં જાણે ઊગ્યો હોય તેમ વાતાવરણ શીતળ, મધુર અને રમ્ય છે. આ રાત્રિએ સ્ત્રી-પુરુષો ગરબે રમે છે.

### 2) કાવ્યનાયિકા સખીને પોતાના પતિ વિશે શું કહે છે ?

- કાવ્યનાયિકા સખીને 'પોતાના પતિ' એમ નહિ, પણ 'પરણ્યો મારો' એમ કહે છે. એમાં પોતાની સાથે પરણનાર એટલે કે પતિ પ્રત્યેનાં તેનાં મમત્વ, પ્રેમ અને ગૌરવ પ્રગટ થાય છે. 'પરણ્યો મારો સગી નણંદનો વીર જો' આ શબ્દોમાં તેણે નણંદ પ્રત્યેનો આદર જાળવ્યો છે, તેનું ગૌરવ કર્યું છે. આમ, આ શબ્દોમાં તેણે ભાઈ-બહેનના મધુર સંબંધની પ્રશંસા કરી છે.

## 4. નીચે આપેલ પ્રશ્નનો સવિસ્તર ઉત્તર આપો.

### 1) સ્વજનો માટેનો કાવ્યનાયિકાનો ભાવ કાવ્યને આધારે વર્ણવો.

- શરદપૂનમની રાત ગરબે રમતી કાવ્યનાયિકાના હૈયામાં તેનાં સ્વજનો પ્રત્યે લાગણીનું પૂર ઊમટ્યું છે. મધુર કંઠે 'ચાંદલિયો' લોકગીત ગાતી કાવ્યનાયિકાએ એક-એક શબ્દમાં સ્વજનો પ્રત્યેની લાગણીઓને વાચા આપી છે. તે કહે છે કે સાસુ-સસરા એનાં પૂર્વજન્મનાં માતાપિતા છે. એનો જેઠ ચંપાના છોડ જેવો છે, તો જેઠાણી ચંપાના ફૂલની પાંદડી જેવી કોમળ છે. એની નણંદ વાડીની વેલ છે અને નણદોઈ વાડીનો મોર છે. કાવ્યનાયિકાએ એક-એક સ્વજનની ખૂબ સુંદર તુલના કરી છે. અંતમાં 'પોતાનો પતિ' એમ કહેવાને બદલે 'પરણ્યો મારો સગી નણંદનો વીર' જેવા શબ્દો પ્રયોજ્યા છે. મારો પતિ તો ખરો, પણ એની પહેલા એ એની બહેનનો વીર છે. આમ કહીને કાવ્યનાયિકાએ ભાઈ-બહેનના મધુર સંબંધની મીઠાશને મહત્ત્વની ગણી છે. અંતમાં તેના હૈયામાં તાણીને બાંધેલી નવરંગી પાઘડીમાં શોભતા રૂપાળા પ્રભાવશાળી પતિને પામ્યાનો આનંદ છે. આમ, શરદપૂનમની રાતે ચોકમાં ચાંદલિયો ઊગ્યો અને સુખદ વાતાવરણ સર્જાયું તેનું મધુર વર્ણન કાવ્યનાયિકાએ તેની સખી પાસે કર્યું છે. આ લોકગીતમાં કાવ્યનાયિકા તેની સાસરીમાં સુખી છે તેનો અણસાર પણ આપી દીધો છે. કૌટુંબિક જીવનના મધુર સંબંધોનું આ ભાવચિત્ર અત્યંત સુંદર છે.

5. નીચેનો અર્થ બનાવતી પંક્તિઓ લોકગીતમાંથી શોધીને લખો.

1) (પતિ) નવ રંગોવાળી પાઘડી પહેરે છે.

- તાણીને બાંધે રે નવરંગ પાઘડી.

2) મારી નણંદ વાડીમાંની વેલી જેવી છે.

- નણંદ મારી વાડી માયલી વેલ્ય જો.

3) આસો મહિનાની પૂર્ણિમાની રાત્રિ છે.

- આસો માસો શરદ પૂનમની રાત જો.